KASUMBO MAGAZINE

જ્ઞાન પંથ...

કસુંબો

JULY-2022

પૃથ્વીની ઉત્પત્તિ

અંતરીક્ષ કોલોની



ફોરેસ્ટ કોર્નર

ધ જર્ની વર્લ્ડ

REG: F/20880/AHMEDABAD

iRed
સંશોધન * શિક્ષણ * વિકાસ

KK Graphics

શબ્દ શણગાર
કવિઓનું નવું સરનામું....

સ્થાપત્યના ખોળે..
પૃથ્વિની ઉત્પત્તિ અને ઉંમર

ડૉ. કુમારપાળ પરમાર
ઈતિહાસકાર - લેખક

ધાર્મિક ગ્રંથોને આધારે પૃથ્વીની ઉંમર આંકવી વ્યર્થ છે, કેમ કે તે માત્ર કલ્પના ઘોડા હતા અને છે.

ડૉ. કુમારપાળ પરમાર

	દ્વાપરયુગ ૨૪૦૦ વર્ષ
	ત્રેતાયુગ ૩૮૦૦ વર્ષ
	સતયુગ
પાષાણયુગ	૧૧૫૦૦ ઈ.સ.પૂર્વે સતયુગ
ધાતુયુગ	ત્રેતાયુગ ૬૭૦૦ ઈ.સ. પૂર્વે
કૃષ્ણ	દ્વાપરયુગ ૩૧૦૦ ઈ.સ. પૂર્વે
બુદ્ધ	ત્રેતાયુગ ૭૦૦ ઈ.સ. પૂર્વે
ઈસુ	કલીયુગ ઈ.સ. ૫૦૦
મહંમદ	કલીયુગ ઈ.સ. ૧૭૦૦
	દ્વાપરયુગ વર્તમાન

છેલ્લા ત્રણ અંકથી આપણે સ્થાપત્યનો ઉત્તમ નમૂનો એવી વાવ વિષે પાયાની માહિતી મેળવી રહ્યા છીએ. ગત અંક ૮ માં વાવમાં પ્રવેશ કરતાની સાથે આંખ આગળ આવતા વિવિધ શિલ્પોમાં શેષશાયિ વિષ્ણુ, સપ્ત માતૃકા, નવ ગ્રહ, મહિષાસુર મર્દિની, મગર, માછલી, કાચબો, કિન્નરો, હંસ, યોગીઓના શિલ્પ, સ્મારક પથ્થરો, સ્ત્રી અને ગધેડા વચ્ચે સંભોગ, વગેરે ને ઓળખ્યા અને પાણીનું જતન કરતા શિખ્યા. આજે અંક ૯ માં અદ્ભૂત કુદરતી સ્થાપત્ય એવી આપણી પૃથ્વી કસુંબોના પ્યાલામાં આવી છે.

પૃથ્વીની ઉંમર અંગેના કેટલાક અનુમાનો

છેક પ્રાચીન સમયથી પૃથ્વીની ઉત્પત્તિનું રહસ્ય મનુષ્યની જીજ્ઞાસાને ઉત્તેજીત કરતું રહ્યું છે. વિશ્વના લગભગ દરેક ધર્મો અને પ્રાચિન સંસ્કૃતિના વિદ્વાનોએ આ રહસ્યની વ્યાખ્યા કરવાનો પ્રયાસ પણ કરેલ છે. તેમાંથી મોટા ભાગના માને છે કે ઈશ્વરે માણસ અને સૃષ્ટિ(પૃથ્વી)ની રચના કરી છે.'

પ્રાચીન ભારતીય જ્યોતિષ શાસ્ત્રની ગણતરી મુજબ (૧) સતયુગ (૨) ત્રેતાયુગ (૩) દ્વાપરયુગ (૪) કલીયુગ. આ ચાર યુગો મળીને એક મહાયુગ થાય છે, જે કલયુગ કરતાં દસગણો એટલે કે ૪૩ લાખ ૨૦ હજાર વર્ષોનો હોય છે અને ૭૧ મહાયુગનો એક મનુ થાય છે. બ્રહ્મદેવતાના દિવસ (કલ્પ)ની શરૂઆતથી ૬ મનુ અને ૨૭ મહાયુગ વીતી ચુક્યા છે અને ૨૮માં મહાયુગના ૩ પહેલા યુગ પુરા થઈને કળયુગના ૫૦૦૦ વર્ષ વિતી ગયા છે. એટલે કે જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીને ઉત્પન્ન થયે ૧૯૭ કરોડ વર્ષ થઈ ગયા છે.

બીજા ધર્મના વિદ્વાનો પૃથ્વીની ઉંમર આટલી બધી માનવા તૈયાર નહોતા. યહુદીઓના પંચાંગ મુજબ પૃથ્વીની ઉંમર ફક્ત ૫૭૦૦ વર્ષની છે. બાઈબલમાં લખેલ બાબતો અંગે લોકોમાં ભલે મતભેદ હોય છતાં તેના અનુસાર પૃથ્વીની ઉંમર ૭૦૦૦ વર્ષ સુધી જ બેસે છે. પ્રાચીન ગ્રીક દાર્શનીક પ્લેટોએ પૃથ્વીની ઉમર લગભગ ૯૦૦૦ વર્ષ કહી છે, બેબીલોનના જ્યોતિષીઓએ તેની ઉંમર ૨૦ લાખ વર્ષોથી વધુ માનવા તૈયાર હતા જ્યારે તેમના સમકાલિન ચીની વિદ્વાનો પૃથ્વીની ઉંમર લાખો વર્ષો માનતા હતા.

આ અનુમાનોના કોઈ વૈજ્ઞાનિક આધાર નહોતા તે માત્ર કલ્પનાના ઘોડા હતા, કેમકે તે સમયે આ અનુમાનોને આધાર આપી શકે તેવા વિજ્ઞાનનો વિકાસ જ નહોતો.

અર્વાચીન વિજ્ઞાનમાં એક નવો સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો છે, તે મુજબ પૃથ્વીની ઉત્પત્તિ અંગે સૂર્યની પાસેથી કોઇ તારો પસાર થયો તે સિદ્ધાંતને માન્યતા આપવામાં આવી નથી. સૂર્ય અસ્તિત્વમાં આવ્યો તેના ઘણા સમય પહેલા તેની ચારે બાજુ એક અતિવિશાળ વાદળ ફરી રહ્યું હતું. આ વાદળમાં હવા અને ધૂળ હતા તેની ગતિ, તેના કણોના અરસપરસના આકર્ષણ તથા સૂર્યના આકર્ષણ તથા સૂર્યના આકર્ષણને કારણે આ વાદળના કણો સૂર્યથી એક નિશ્ચિત અંતરે ભેગા થવા લાગ્યા અને સમય વિતતાં તે સખત ગોળા બની ગયા. આ સખત બનેલા ગોળાઓ જ પૃથ્વી અને બીજા ગ્રહો બન્યા. ઉત્પત્તિ વખતે આ ગોળાઓ સખ્ત અને ઠંડા હતા. વધુ સખત બનવાની પ્રક્રિયા અને તેના પરમાણુંઓની કિરણોત્સર્જન પ્રક્રિયાને લીધે તેનું તાપમાને થોડું વધ્યું. પ્રચંડ દબાણ અને કિરણોત્સરી પ્રક્રિયાનેલીધે તેનો આંતરીક ભાગ ખૂબ જ ગરમ થઈ ગયો અને અમુક હદ સુધી (તરલ) પ્રવાહી બની ગયો.

કેટલાક પ્રાચીન ભારતીય અને યુનાની (ગ્રીસ) વિદ્વાનો મુજબ આખું વિશ્વ પરમાણુઓના મિશ્રણથી બન્યું છે, અને તે સતત બદલાયા કરે છે. ભગવાન બુદ્ધ જગતને પરિવર્તનશીલ માને છે, પરંતુ વૈજ્ઞાનિક પ્રગતિના અભાવમાં આ વિચાર પણ પૃથ્વીનું રહસ્ય ઉકેલવામાં નિષ્ફળ રહ્યો છે.

આધુનિક વિજ્ઞાન અનુસાર પૃથ્વીની ઉંમર ૪૬૦ કરોડ વર્ષથી વધુ હોવી જોઈએ. જ્યારે માનવના જન્મને ૨૦ લાખ વર્ષથી વધુ સમય થયો નથી. આપણે જો પૃથ્વીની ઉંમર એક વર્ષ માનીએ તો માનવને પેદા થયે ફક્ત સવા બે કલાક જ થયા છે અને સમ્રાટ અશોકનો સમય માત્ર ૧૮ સેકંડ પહેલાનો જ છે.

https://calorx.academia.edu/KumarParmar



ગ્રહોના નિર્માણ

સૂર્યની ચારેબાજુ ફરતા ધૂળના વાદળોના કણો એકબીજા સાથે અથડાઈને પુંજ-સમૂહ બની જાય છે. આ સમૂહોનો આકાર ધીરે ધીરે મોટો થઈ જાય છે અને તેની સંખ્યા ઘટી જાય છે. આના ઉપર પરસ્પર થતા આઘાતને કારણે તેમની દિશા અને પરસ્પરના અંતરમાં એક નિયમબદ્ધતા આવી જાય છે. છેલ્લે સૂર્યની આસપાસ પરિક્રમા કરતા ગ્રહો અસ્તિત્વમાં આવી જાય છે.

COMING SOON

Expert from

RED

Research Education Development

International Journal of Research Education and Development

A Peer-Reviewed International Monthly Research Journal of Multidisciplinary and Multi Language

Call for Publishing Research Paper

7383000930

Rainbow Force Foundation

Scan for Issue 1 to 8

iRed
સંશોધન ❖ શિક્ષણ ❖ વિકાસ

Follow Us
@kasumbomagazine

KK Graphics

શબ્દ શણગાર
કવિઓનું નવું સરનામું....